**વર્ષ :- ૨૦૨૬-૨૭**

**(નવી બાબત)**

**HRT-૨ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ**

ગુજરાત સરકાર

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:ACD/KEF/e-file/2/2026/0017/K8

સચિવાલય,ગાંધીનગર.

તા: e-sign મુજબ

<u>વંચાણે લીધા :</u>

(૧) બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0013/01/2026, તા. 01-01-2026

(૨) બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0063/03/2026, તા. 03-03-2026

**આમુખ:-**

રાજ્યમાં બાગાયત ખેતી તરફ ખેડુતોનો જોક ઉત્તરોત્તર વધતો જાય છે. જેથી રાજ્યમાં બાગાયતી પાકોનું વાવેતર દિન-પ્રતિદિન વધતું જાય છે. ફળપાકમાં ખેડૂતો ને સારા ભજાર ભાવો મેળવવા માટે ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે તે ખુબ જ જરૂરી છે. પરંતુ રાજ્યમાં દિવસેને દિવસે વાતાવરણના બદલાવ ની અસરો ને કારણે બાગાયતી પાક ની ગુણવત્તા પર ખાસ અસર થાય છે. જે ધ્યાને લઈ આધુનિક બાગાયતી ખેતીમાં સામાન્ય અને પરંપરાગત ખેતીના સ્થાને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી સારી ગુણવત્તાવાળુ ઉત્પાદન મળે તે ખાસ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં ફળપાકની ખેતીમાં વિવિધ બહાર ની માવજત આપવામાં આવે છે. જેમાં ફૂલો તેમજ ફળ આવવાનો સમયગાળો નક્કી રહેતો હોય છે. ફુલો તેમજ ફળો નાં બેસવાના સમયગાળા દરમ્યાન વધુ પડતું ભેજવાળું વાતાવરણ દિવસ રાતનાં તાપમાનમાં મોટો તફાવત, ઝાકળ વાળું વાતાવરણ તેમજ જમીનમાં ભેજના વધુ પડતા પ્રમાણના કારણે ફુલો અને ફળોના બેસવામાં ખૂબ જ અસર કરે છે. જેથી ઓછા ફુલો અને ઓછા ફળો બેસવાના કારણે તેની સીધી અસર ઉત્પાદન ઉપર પડે છે. રાજ્યમાં ખેડૂતો દ્વારા ફળપાકમાં વધુ અને સારી ગુણવત્તા વાળુ ઉત્પાદન મેળવવા માટે વિવિધ પ્રકારની માવજતો આપી દવા, ખાતર, પાછળ ખુબ ખર્ચ કરવામાં આવે છે અને અંતે વિવિધ વાતાવરણીય ખરાબ પરિબળોની અસરોને કારણે અપુરતુ અને ખરાબ ગુણવત્તા વાળુ ઉત્પાદન મળે છે, જેના કારણે ખેડુતોને આર્થિક નુકસાન ભોગવવુ પડે છે. આ નુકસાન ને થતુ રોકવા તથા ફળપાકોમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવા ફળપાકના વાવેતર ઉપર સ્ટ્રકચર બનાવી પાકને સિન્થેટિક કાપડ દ્વારા ઢાંકી ખેતી કરવામાં આવે તો ગુણવત્તાયુક્ત ઉત્પાદની સાથે નુકસાન ઓછુ કરી શકાય તેમ છે. આમ રાજ્યના બાગાયતદારો આ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ પોતાના ફળ પાકોમાં કરી વધુ ઉત્પાદન મેળવી આર્થિક રીતે સક્ષમ

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:25:26 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

થાય તે હેતુસર બાગાયત નિયામકશ્રીએ વંચાણે લીધેલ (૧) અને (૨) પરના સદભેથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રીની કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૬-૨૭માં બાગાયત ખાતાની **HRT-2** સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ **"ફળપાકોમાં ફ્રિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ"** ની નવી બાબત માટે રૂ. ૩૦.૦૦ કરોડના નાણાકીય જોગવાઈને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. પ્રસ્તુત યોજનાની વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેંશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઈ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ બાગાયત નિયામકશ્રીની રહેશે
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી બાગાયત નિયામકશ્રીએ રાખવાની રહેશે.
3. i khedut portal પર ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદી ની જોગવાઈ કરવાની રહેશે.
5. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
9. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:25:26 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
17. પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૩૦-૩૧ માં પુર્ણ થશે તેમજ યોજનાને સંલગ્ન જરૂરી સંપુર્ણ સમીક્ષાઓ બાદ જ યોજના ચાલુ/બંધ કરવા અંગેના નિર્ણય કરવાના રહેશે.
18. કેન્દ્ર કે રાજ્ય સરકારની અન્ય સમાન યોજનાઓ સાથે Duplication ના થાય તેવી કાળજી લેવાની રહેશે.
19. આ યોજનાનો અમલ બાગાયત ખાતા મારફતે કરવાનો રહેશે.
20. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
21. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
22. આ યોજનાનો લાભ પરિશિષ્ટ -૧ મુજબની સામાન્ય શરતો અને બોલીઓ પ્રમાણે અને પરિશિષ્ટ - ૨ મુજબના લાગુ પડતાં વિવિધ ઘટકોના સહાયનાં ધોરણો મુજબ મળવાપાત્ર રહેશે. તેમજ પરિશિષ્ટ – ૩ મુજબની કાર્યપધ્ધતિ પ્રમાણે અમલીકરણ કરવાનું રહેશે.
23. આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો બાગાયત નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે, તેમજ નાણાંકીય વર્ષની સમયમર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ-ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે બાગાયત નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.
24. યોજનાકીય અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ ની કાર્યપધ્ધતિ પ્રમાણે અમલ કરવાનો રહેશે.
25. The Right of Persons with Disabilities Act, 2016 of Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરીપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
26. આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : ૨ | ૩.૩૦.૦૦ |
| સેક્ટર- | : ગ- આર્થિક સેવાઓ | કરોડમાં |
| પેટા સેક્ટર | : ક -કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ | |
| મુખ્ય સદર | : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા | |
| ગૌણ સદર | : ૧૧૯ બાગાયત અને શાકભાજીના પાકો | |
| પેટા સદર | : (૦૧) ફળ રોપા ઉછેર કેન્દ્રો | |

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણા વિભાગની તા.08/04/2026ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પટેલ)
સેકશન અધિકારી
કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નાણા શાખા/બજેટ/આયોજન શાખા કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંબધિત કચેરીઓ/ અધિકારીશ્રીઓ (બાગાયત નિયામકશ્રી મારફત)
- સેકશન અધિકારીશ્રી, આઇટી શાખા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઠરાવ ઓનલાઇન મુકવાની વિનંતી સાથે.
- સીલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

## HRT-૨ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ

1. આ કાર્યક્રમનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.
2. આ યોજનાનો લાભ રાજયના તમામ ખેડુત લાભાર્થીને મળવાપાત્ર રહેશે.
3. આ કાર્યક્રમનું અમલીકરણ સબંધિત જીલ્લાના જિલ્લા બાગાયત અમલીકરણ અધિકારી મારફતે કરવાનું રહેશે અને તેના નિયંત્રણ અધિકારી તરીકે બાગાયત નિયામકશ્રી રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો બાગાયત નિયામકશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.
4. ઓનલાઇન અરજી મળ્યેથી કચેરીના સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારીએ સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમય મર્યાદામાં અગાઉ સહાય મેળવેલ નથી તે બાબતની ખરાઈ કરવાની રહેશે. જો સહાય મેળવેલ હોય તો આ કાર્યક્રમ હેઠળ સહાય મળવાપાત્ર રહેશે નહી.
5. આ યોજનાના સુચારૂ અમલીકરણ હેતુ જરૂરીયાત મુજબ અમલીકરણ માર્ગદર્શિકા બાગાયત નિયામકશ્રી કક્ષાએથી તૈયાર કરવાની રહેશે. આ અંગે બાગાયત નિયામકશ્રી દ્વારા ફીલ્ડ કવરના સ્ટ્રકચર માટે જરુરી સાધન સામગ્રી ખેડૂતોને સરળતાથી મળી રહે તે પ્રકારના સ્ટાન્ડર્ડ નકકી કરવામાં આવે તે તકેદારી રાખવાની રહેશે.
6. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૨ ના કોલમ-૫ માં દર્શાવેલ વિગતે જે અરજદારે I-Khedut Portal ઉપર ઓનલાઇન અરજી કરેલ હોય તથા પાત્રતા ધરાવતા હોય તેવા અરજદારોને લક્ષાંકની મર્યાદામાં લાભ આપી શકાશે.
7. આ કાર્યક્રમ હેઠળના લાભાર્થીઓનું સબંધિત નાયબ/મદદનીશ બાગાયત નિયામકશ્રી કચેરી ખાતે પૂરતી વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.
8. આ યોજનાનું અમલીકરણ બાગાયત નિયામક/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.
9. આ યોજનાના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ રહેશે.
10. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટેની કાર્ય પધ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે.
11. આ યોજનાની ગ્રાન્ટ બાગાયત નિયામકશ્રીએ જિલ્લા બાગાયત અમલીકરણ અધિકારીશ્રીને ફાળવવાની રહેશે.
12. પરિશિષ્ટ -૩ મુજબની કાર્યપધ્ધતિ માટે જિલ્લા અમલીકરણ અધિકારી દ્વારા જિલ્લા તિજોરી મારફત સહાયની રકમ DBT (Direct Benefit Transfer) થી લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે.

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:25:26 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

13. યોજનાની જોગવાઇ મુજબ આવરી લેવાયેલ વિસ્તારના સપ્રમાણસર એકમ ખર્ચ કે ખરેખર થયેલ ખર્ચ પૈકી જે ઓછા હોય તેને સહાયની ચુકવણી માટે ધ્યાને લેવામાં આવશે.

14. આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૦.૨૦ હેક્ટરથી મહત્તમ ૧.૦૦ હેક્ટર સુધી સહાય મળવાપાત્ર રહેશે.

15. જિલ્લા કક્ષાએ પાત્રતા નક્કી કર્યા પહેલાં સબંધિત તાલુકા અમલીકરણ અધિકારીએ પ્રાથમિક સ્થળ ચકાસણી કરી જે સ્થળ પર બાંધકામ કરવાનું હોય ત્યાં હયાત ઇન્ફ્રાસ્ટ્રકચર ન હોવાનું તથા ઊભા થનાર એકમની વાઈબીલીટી અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમજ અક્ષાંશ-રેખાંશ સાથેનો સ્થળ પરનો (જ્યાં એકમ ઊભું કરવાનું થાય છે તે જગ્યા ) ફોટોગ્રાફ લેવાના રહેશે. ત્યારબાદ યોગ્યતા જણાયે પાત્રતા નક્કી કરવાની રહેશે.

16. જિલ્લા કક્ષાએથી પૂર્વ મંજુરી મળ્યેથી સ્ટ્રકચરની કામગીરી ૯૦ દિવસમાં (જે તે નાણાંકીય વર્ષમાં) પુર્ણ કરવાની રહેશે. જો અરજદાર તરફથી આ સમય દરમ્યાન કામગીરી પુર્ણ ન થાય તો અરજદાર પાસેથી રજુઆત મેળવી સબંધિત જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રી દ્વારા રજુઆત યોગ્ય જણાય તો વધુ ૩૦ દિવસની (જે તે નાણાંકીય વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે) સમયમર્યાદા લંબાવી શકશે.

17. સદરહું કાર્યક્રમ હેઠળ સબંધિત વિભાગીય સંયુક્ત બાગાયત નિયામકશ્રી અથવા તેઓશ્રીની કચેરીના વર્ગ-૨ કક્ષા સુધીના તાંત્રિક અધિકારી, જિલ્લા અમલીકરણ અધિકારી તેમજ તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા સ્ટ્રક્ચર અંગેની કામગીરી પૂર્ણ થયેથી (જરૂરી સાધનીક કાગળો સહીત) સંયુકત સ્થળ ચકાસણી કરી અરજદાર સાથે ઊભા થયેલ એકમનો અક્ષાંશ-રેખાંશ સાથેનો ફોટોગ્રાફ મેળવી સંયુક્ત ચકાસણી ટીમ દ્વારા ભલામણ થયેથી સહાય ચુકવણું કરવાનું રહેશે.

**એચ.આર.ટી- ૨**

**<u>પરિશિષ્ટ-૨</u>**

**સહાયના ધોરણો**

| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્કસ | પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:25:26 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ | એકમ ખર્ચ:-રૂ.૫,૦૦,૦૦૦/ એકમ/સ્ટ્રકચર (૧.૦૦ હેક્ટર વિસ્તાર માટે)<br>• એકમ ખર્ચના ૪૦% અથવા મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- પ્રતિ હે. સહાય મળવાપાત્ર રહેશે. | • એકમ/સ્ટ્રકચર ઓછામાં ઓછા ૦.૨૦ હેક્ટરથી વધુમાં વધુ ૧.૦૦ હેક્ટર વિસ્તારમાં બનાવવાનુ રહેશે.<br>• પ્રોરેટા બેઝ મુજબ સહાય આપવાની રહેશે. | • ખાતાદીઠ/ લાભાર્થી દિઠ મહત્તમ ૧ હેક્ટરની મર્યાદામાં સહાય. |

**એચ.આર.ટી.-૨ યોજનાની અમલીકરણ પધ્ધતિ**

**પરિશિષ્ટ-૩**

**<u>ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ હેઠળ વ્યક્તિગત લાભાર્થીલક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાની અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ</u>**

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ**

i-Khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

**(૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ**

કુલ ઓટો ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી I-khedut પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ જરૂર જણાયે કમ્પ્યુટરરાઈઝ ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા અમલીકરણ અધિકારીશ્રીએ તેઓના તાબાના અધિકૃત કરેલ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્નુસાર I-khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૩) અરજીઓની મંજુરી અંગેની કાર્યપધ્ધતિ**

પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના અરજદારને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી જાણ કરવાની રહેશે.

**(૪) ખરીદી કર્યા બાદ ઈનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત**

પરિશિષ્ટ-૧ તથા ૨ ની શરતો અને બોલીઓ ધ્યાને લઇ અરજદારે ખરીદી/કામગીરી પુર્ણ કરી તે અંગેના જરુરી આધાર પુરાવા સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે રજુ કરવાના રહેશે.

અરજદાર દ્વારા I-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, મંજુરી આધારીત ખરીદ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહી. આ અંગે અરજદારનો હક્ક-દાવો રહેશે નહી.

ખરીદી બાદ રજુ થયેલ ક્લેઇમનું અધિકૃત અધિકારીએ I-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે. સબંધિત અધિકારીએ મળેલ દરખાસ્ત અન્વયે ભૌતિક ચકાસણી કરી/કરાવી તે અંગેનું સ્ટેટસ I-khedut પોર્ટલ પર અપડેટ કરવાનું રહેશે

**(૫) ઘટક ખરીદી કર્યા બાદ સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ**

જે તે ઘટકમાં ખરીદી/કામગીરીની ચકાસણી કર્યા બાદ સહાય ચુકવવા પાત્ર યોગ્ય જણાતા i-khedut પોર્ટલ પર પેમેન્ટનું સ્ટેટસ અપડેટની કાર્યવાહી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જિલ્લા તિજોરી મારફત સહાયની રકમ DBT (Direct Benefit Transfer) મારફત ચુકવણી કરવાની રહેશે.

****************************************************************************************